Extra No. 237

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **MONDAY, APRIL 6, 2026 / CHAITRA 16, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૧લી એપ્રિલ, ૨૦૨૬

વંચાણે લીધુ:- (૧) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંકઃ રાચપ-ચટણ-ચખમ-સ્થા.સ્વ.-૬- ૧૨૦૦૯-ક, તા.૧૬-૦૧-૨૦૦૯

(૨) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંકઃ રાચપ-ચટણ-ચખમ-સ્થા.સ્વ.-૬- ૬૨૦૧૧-ક, તા.૨૦-૦૬-૨૦૧૧

(૩) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-ચખમ-સ્થા.સ્વ.-૬- ૧૨૨૦૧૧-ક, તા.૦૩-૧૨-૨૦૧૧

(૪) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના સુધારા આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-ચખમ-સ્થા.સ્વ.-૬-૧૨૨૦૧૬-ક/૨૦૧૧૩ થી ૨૦૩૪૬, તા.૦૫-૧૨-૨૦૧૬

(૫) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-ચખમ-સ્થા.સ્વ.-૬-૨૨૦૨૧-ક/૬૮૪૧ થી ૬૯૭૫, તા.૦૪-૦૨-૨૦૨૧

(૬) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-ચખમ-સ્થા.સ્વ.-૬-૨૨૦૨૧-ક/૬૯૭૬ થી ૭૦૭૨, તા.૦૪-૦૨-૨૦૨૧

(૭) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-ચખમ-સ્થા.સ્વ.-૬-૨૨૦૨૧-ક/૭૦૭૩ થી ૭૧૦૩, તા.૦૪-૦૨-૨૦૨૧

(૮) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-ચખમ-સ્થા.સ્વ.-૬-૩૨૦૨૧-ક/૧૫૩૪૨ થી ૧૫૬૨૮, તા.૧૦-૦૩-૨૦૨૧

ક્રમાંક: રાચઆ-ચટણ-ચખમ-સ્થા.સ્વ.-૬(પાર્ટ)-૦૪૨૦૨૬-ક-૯૯૬૧ થી ૧૦૧૩૨:- મહાનગરપાલિકા/નગરપાલિકા/જિલ્લા પંચાયત/ તાલુકા પંચાયત જેવી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની દરેક વોર્ડ/મતદાર વિભાગ માટેની સામાન્ય/પેટા/મધ્યસત્ર ચૂંટણી યોજાય ત્યારે ચૂંટણી લડતા ઉમેદવાર દીઠ ચૂંટણી ખર્ચની મહત્તમ મર્યાદા તથા ચૂંટણી ખર્ચના હિસાબો રાખવા/નિભાવવા/અને સક્ષમ સત્તાધિકારી સમક્ષ રજૂ કરવાની સમય મર્યાદા વિગેરે માટે સંબંધિતોએ કરવાની થતી કાર્યવાહી માટે વિગતવાર સૂચનાઓ આમુખ-(૧) વાળા તા.૧૬-૦૧-૨૦૦૯ના આદેશથી રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આપવામાં આવેલ છે.

આયોગના આમુખ (૧) વાળા તા.૧૬-૦૧-૨૦૦૯ના આદેશથી તેમજ ત્યાર બાદ આમુખ-(૨), (૫) અને (૬) વાળા આદેશોથી મહાનગરપાલિકા/નગરપાલિકાની ચૂંટણીઓમાં ચૂંટણી ઉમેદવાર માટે ખર્ચની મર્યાદામાં સુધારો કરવામાં આવેલ.

આયોગના આમુખ (૧), (૨), અને (૭) વાળા આદેશોથી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની ચૂંટણીઓમાં ચૂંટણી ઉમેદવાર માટે ખર્ચની મર્યાદામાં સુધારો કરવામાં આવેલ.

વધુમાં, ગ્રામ પંચાયતના સરપંચની ચૂંટણી લડતા ઉમેદવારોએ કરવાના ખર્ચની મર્યાદા આયોગના આમુખ-(૩), (૪) અને (૮) વાળા આદેશોથી નક્કી કરવામાં આવેલ છે તેમજ સુધારાઓ કરવામાં આવેલ છે.

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ દરમ્યાન ચૂંટણી પ્રચારને લગતા તમામ પ્રકારના ખર્ચની બાબતોની કિંમતમાં તથા ભાવમાં થયેલ વધારો સહ ચૂંટણી પંચ નવી દિલ્હી દ્વારા લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓમાં ચૂંટણી લડતા ઉમેદવારોએ કરવાના મહત્તમ ખર્ચની મર્યાદાની વિગતો અવલોકને લેતાં/તુલના કરતાં વિવિધ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટે ઉમેદવાર દીઠ ખર્ચ કરવાની નિયત કરેલ મહત્તમ મર્યાદામાં વધારો કરવાની બાબત આયોગની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેપી-૨૪૧ઓફ-૨૦૧૩-ઈએલસી-૧૦૨૦૧૧-૩૫૨૩-પી, તા.૨૪-૧૨-૨૦૧૩ અને પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત સરકારના જાહેરનામાં ક્રમાંકઃ કેપી-૨૨-ઓફ-૨૦૧૦-ઈએલસી-૧૦૨૦૧૦-૯૮૪-જી, તા.૨૧-૧૨-૨૦૧૦ થી તેમજ ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ (૬) તથા ૨૪૩ (૫) (ક) થી રાજ્ય ચૂંટણી આયોગને મળેલ સત્તાની રૂએ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની દરેક વોર્ડ/ મતદાર વિભાગ/ સરપંચ માટેની ચૂંટણી યોજાય ત્યારે ચૂંટણી લડતા ઉમેદવાર દીઠ ચૂંટણી ખર્ચની મહત્તમ મર્યાદા નીચે કોલમ-(૩) મુજબ નક્કી કરવા આદેશ કરે છે.

અ.નં.	સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાનો પ્રકાર	આ આદેશથી ઉમેદવાર દીઠ ચૂંટણી ખર્ચ માટેની નિયત કરેલ મહત્તમ મર્યાદા (રૂા)
૧	૨	૩
૧	મહાનગરપાલિકાના દરેક વોર્ડના ઉમેદવાર માટે	૯,૦૦,૦૦૦
૨	એક થી નવ વોર્ડ ધરાવતી નગરપાલિકાના દરેક વોર્ડના ઉમેદવાર માટે	૨,૨૫,૦૦૦
૩	નવ થી વધુ વોર્ડ ધરાવતી નગરપાલિકાના દરેક વોર્ડના ઉમેદવાર માટે	૩,૫૦,૦૦૦
૪	જિલ્લા પંચાયતના દરેક મતદાર વિભાગના ઉમેદવાર માટે	૬,૦૦,૦૦૦
૫	તાલુકા પંચાયતના દરેક મતદાર વિભાગના ઉમેદવાર માટે	૩,૦૦,૦૦૦
૬	ગ્રામ પંચાયતના સરપંચના ઉમેદવાર- ૧૨ વોર્ડ સુધીની પંચાયત	૨૫,૦૦૦
૭	ગ્રામ પંચાયતના સરપંચના ઉમેદવાર- ૧૩ થી ૨૨ વોર્ડ સુધીની પંચાયત	૪૫,૦૦૦
૮	ગ્રામ પંચાયતના સરપંચના ઉમેદવાર ૨૩ કે તેથી વધારે વોર્ડની પંચાયત	૭૦,૦૦૦

રાજ્ય ચૂંટણી આયોગના તા.૧૬-૦૧-૨૦૦૯ તથા તા.૦૩-૧૨-૨૦૧૧ના આદેશની અન્ય સૂચનાઓ અને વિગતો યથાવત રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.04.18 09:11:07 IST